

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

અપેક્ષાજ્ઞાન બરાબર હોવું જોઈએ. નહીં તો ખતવણીમાં ફેર થઈ જાય છે. કઈ અપેક્ષાએ કઈ વાત કેટલી મર્યાદા સુધી કહી છે, તેનો ખ્યાલ હોવો જોઈએ. (૨૧૦)

***

જલદી મુક્તિ જોઈએ !... તો બસ અહીં (ત્રિકાળીમાં) જ બિરાજમાન થઈ જાઓ. (૨૧૮)

***

પ્રશ્ન :- (અમને આત્મામાં) સ્થિરતા કેમ થતી નથી ?

ઉત્તર :- ક્ષણિક (અસ્થિર) પરિણામમાં અહંપણું છે. સ્થિર તત્ત્વને તો પકડ્યું નથી તો સ્થિરતા ક્યાંથી આવે? હું અપરિણામી સદાય સ્થિર જ છું. એવા ત્રિકાળી સ્થિર તત્ત્વમાં અહંપણું થતાં જ પરિણામમાં સ્થિરતા સહજ આવશે, સ્થિરતા વધશે અને પૂર્ણતા પણ થશે. પહેલાં હું ત્રિકાળી સ્થિરતત્ત્વ છું એવી દૃષ્ટિ થવી જોઈએ. (૨૨૧)

***

પ્રશ્ન :- વસ્તુ પકડાતી નથી તો ક્યાં અટકાયત થતી હશે? શું મહિમા નહિ આવતો હોય?

ઉત્તર :- એક સમયના પરિણામમાં અહંપણું રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય (આધાર) પકડવો જોઈએ, તેને પકડતો નથી. (૨૨૭)

***

જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઉલટો છું, જો સુલટો હોત તો તરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું? અરે ભાઈ! ઉલટા-સુલટાની વાત જ નથી. પરિણામથી છૂટ્યો તો ધ્રુવ પર જ આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે) ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે. (૨૨૯)

***

(તત્ત્વચર્ચાનો શેષ અંશ પૃષ્ઠ-૧૭ ઉપર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૯, વર્ષ–૨૪, માર્ચ–૨૦૨૧

## અષાઢ વદ ૭, રવિવાર, તા.૧૦-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૨ પ્રવચન–૩૧

(ગતાંકથી આગળ...)

'વિકારો દૂર કરવા માટે પૂર્ણ રીતે કટિબદ્ધ થઈ જાય છે. તેણે શ્રીગુરુ પરમવૈદ્ય પાસેથી એ પણ જાણ્યું છે કે ભાવકર્મના રોગ મટાડવા માટે સત્તામાં રહેલા કર્મોનો નાશ કરવા માટે... ' એમ બન્ને લીધું છે—પુણ્ય-પાપનો ભાવ અને જડ કર્મ. 'નવીન રોગના કારણથી બચવા માટે શુદ્ધાત્માનુભવ જ એક પરમ ઔષધ છે.' 'શ્રીમદ્' કહ્યું ને, 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' વિચાર અને ધ્યાન ઔષધ (છે). 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' ભગવાન આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો રસકંદ પ્રભુ, તેમાં રાગાદિ વિકલ્પ મારા છે, એવી ભ્રાંતિ-મિથ્યા ભ્રાંતિ જેવો જગતમાં બીજો કોઈ મોટો રોગ નથી, મોટો રોગ છે. ગુરુ તેના વૈદ્ય સુજાણ વૈદ્ય છે. ભાઈ! આ તારો રોગ છે. કહ્યું ને? રાગ તારો રોગ છે. તું લાભદાયક માને છો એ તારી ખોટી બુદ્ધિ છે. અમારા પ્રત્યે પણ તું રાગ કરે છે એ રાગ રોગ છે, એમ કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'ભાવકર્મના રોગ મટાડવા માટે અને સત્તામાં રહેલા કર્મો... ' એટલે નિમિત્તરૂપ. 'નવીન રોગના કારણથી બચવા માટે શુદ્ધાત્માનુભવ જ એક પરમ ઔષધ છે.' 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' ભગવાનઆત્મા અતીન્દ્રિય શાંતરસનો ચૈતન્યરત્નાકર ઉપર દૃષ્ટિ કરીને અંદર આત્માનો અનુભવ કરવો એ જ એક રોગ મટાડવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? કોઈ ક્રિયાકાંડ કરવા એ રોગ (મટાડવાનો ઉપાય નથી). ક્રિયાકાંડનો રાગ છે તે પોતે જ રોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શુદ્ધાત્માનુભવ જ એક...' જોયું? શુદ્ધાત્મા છે ને? વિકાર તો અશુદ્ધ છે.

'આ સમ્યગ્દૃષ્ટિ સમય કાઢીને સ્વાનુભવ કરતો રહે છે.' જુઓ! ધર્મી જીવ ગમે તેટલા વેપાર-ધંધામાં પડ્યા હોય તેમાંથી સમય કાઢીને પોતાના આત્માનો સ્પર્શ કરી લે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમય કાઢીને પોતાના આત્મામાં અંદર નજર કરીને અનુભવ કરી લે છે. આહાહા..!

મુમુક્ષુ :— આજકાલ તો સમય કાઢવાનો વખત જ નથી મળતો.

ઉત્તર :— સદા સમય જ છે. શું વખત લે? સદા

સમય જ છે. સમય કાઢે નહીં તો એમાં શું કરવું? આત્મા નિવૃત્ત જ છે. રાગથી અને પરથી સદા નિવૃત્ત જ છે અને નિવૃત્ત છે તેને પ્રવૃત્તિવાળો માનવો તે જ દૃષ્ટિમાં ભ્રમ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**કષાયના અનુભાગને સૂકવતા રહે છે.**' એ તો સૂકાઈ જાય, ઠીક. સ્થિરતા કરતાં કરતાં એટલો આનંદ આવી જાય કે, '**આત્મરસમાં જાણે કે ઉન્મત્ત થઈ જાય ત્યારે બાહ્ય સકલ ત્યાગ કરીને સંન્યાસી અથવા નિર્ગ્રંથ થઈ જાય છે.**' લ્યો! અંતર આનંદમાં, ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ રાગ, વિકલ્પ, બાહ્ય સંયોગ આદિનું સ્વામીપણું નથી એ અપેક્ષાએ તેનો ત્યાગી જ છે પણ હજી અસ્થિરતાનો રાગ છે તો તેને રોગ જાણે છે, તો સમય કાઢીને રાગથી રહિત પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેનો અંતરમાં સ્પર્શ કરીને વેદન કરી લે છે, આત્માનો સ્પર્શ કરીને અનુભવ કરી લે છે. એટલી સંવર અને નિર્જરા, શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? કાયમની જેટલી શુદ્ધિ છે તેટલા સંવર, નિર્જરા તો છે જ પણ અંતરનો અનુભવ કરે તો વિશેષ શુદ્ધિ થાય છે અને વિશેષ આનંદ આવતાં આવતાં બહારની આસક્તિમાં કાંઈ રુચે નહિ, ધંધા-પાણીમાં ક્યાંય વૃત્તિને રુચે નહિ. (તેથી) અંતરનો આનંદ લેવા માટે બહારનો ત્યાગી થઈ જાય છે. અંતરનો વિશેષ આનંદ લેવા માટે બહારનો ત્યાગી થઈ જાય છે. ક્યાંય ગોઠે નહિ, ક્યાંય રુચે નહિ. રુચે નહિ એટલે શ્રદ્ધાની વાત નથી, અસ્થિરતા(માં રુચે નહિ). ક્યાંય ચેન પડે નહિ. વેપારમાં, ધંધામાં, પુત્રમાં, સ્ત્રી બધાની વચ્ચે બેઠો હોય પણ ક્યાંય ચેન ન પડે. ત્યારે એને એમ થાય છે કે, હું તો આત્માનો વિશેષ અનુભવ કરવા માટે બધાથી જુદો થઈ જાઉં છું. તેનું નામ મુનિપણું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને?



'**આત્મતત્ત્વનો સ્વાદ લીધા કરે અને બહાર જવાનો કોઈ પ્રપંચ રુચે નહિ.**' બહાર જવાનો એટલે બહાર વેપાર-ધંધામાં. '**આત્મરસમાં જાણે કે ઉન્મત્ત થઈ જાય ત્યારે બાહ્ય સકલ ત્યાગ કરીને સંન્યાસી અથવા નિર્ગ્રંથ...**' દિગંબર મુનિ. આહાહા..! જ્યાં બેઠા ત્યાં વન, જ્યાં જાય ત્યાં જંગલ. આહાહા..! તમે કેમ છો ને એ બધા વિકલ્પ છૂટી ગયા. સમજાણું કાંઈ? પોતાના આત્માનો અનુભવ કરવામાં પ્રયત્ન ઉગ્ર થઈ ગયો ત્યાં એ બહારનો ત્યાગ સહજ થઈ જાય છે. (અજ્ઞાનીને) અંતરનો અનુભવ અને દૃષ્ટિનું તો ભાન નથી અને બહારનો ત્યાગ કરે એ ત્યાગ જ નથી. સમજાણું કાંઈ? ક્યાંય રુચે નહિ. સમજાણું કાંઈ?

હડકાયુ કૂતરુ કરડ્યું હોય ને? હડકાયુ સમજ્યા? શું કહે છે? ગાંડો કૂતરો. ગાંડો કૂતરો કરડે પછી ક્યાંય રુચે નહિ. નહિ પાણી, નહિ પવન, નહિ ખોરાક. પવન ન રુચે, હોં! એક બ્રાહ્મણની દીકરી હતી. એને સોંપી ગયા હતા. પછી છેલ્લે બાર વર્ષ સુધી હડકવા. કાકા! મને ક્યાંય (ચેન નથી પડતું). પછી છેલ્લે ૪૮ કલાક પાણી નહિ, આહાર નહિ, પવન નહિ, કાંઈ રુચે નહિ. અંદરમાં હડકવા લાગ્યો. નજીક આવવા ન દે. એક બાઈને તો મેં જોઈ છે.

વૃદ્ધ હતી, વૃદ્ધ. (એ કહે), મારે દર્શન કરવા છે. છેટે ઊભી રહી. (પછી કહે), મને અંદરથી હડકવા આવે તો આમ બટકું ભરવાનું મન થઈ જાય છે. ‘રાણપુર’. આ છોડી તો બિચારી નાની (હતી). ૪૮ કલાક ન ગોઠે પવન, ન ગોઠે પાણી. પાણી નજરે ન પડવું જોઈએ. પાણી પડે તો પીડા (થાય). પાણી નજરે પડે ને પીડા (થાય). હડકાયું હોય ને, ગાંડુ કૂતરુ. એમ ક્યાંય રુચિ જામે નહિ.

એમ ધર્મીને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એવી લગની લાગી હોય કે ક્યાંય રુચે નહિ, ક્યાંય મન ઠરે નહિ. સમજાણું કાંઈ? વેપાર, ધંધો, બોલવું, ચાલવું, આબરૂ, કીર્તિ ક્યાંય મન ઠરે નહિ. પોતાના આનંદની રુચિમાં ગરકાવ હોવાને કારણે બહારનો ત્યાગ કરીને વિશેષ અનુભવ કરે છે. તેનું નામ નિર્ગ્રંથ દશા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઈ છોડી બિચારી કહેતી હતી, કાકા! મને ક્યાંય (ચેન નથી પડતું). પંખો નાખે (તોપણ ગમે નહિ). અંદર પીડા.. પીડા.. પીડા.. પીડા. એક ગાયને અમે જોઈ હતી, અહીં એક ગાય હતી. ‘હીરાભાઈ’ના મકાનમાંથી (જોઈ હતી). મોટી ગાય, હડકવા લાગ્યો. બે દિ’ આમ ફર્યા ફર, ફર્યા ફર કરે. બે દિવસ સુધી પાણી નહિ, આહાર નહિ, ગોઠે નહિ. શરીર મોટું લઠ્ઠ. એ અંતે હેઠે પડી. તરફડે.. તરફડે.. તરફડે... કાગડા માંસ ખાય, ફોલે. ચાર-છ કલાક એમ રહી, તરફડે.. તરફડે.. તરફડે.. (ત્યાં) એક પોલીસ નીકળ્યો, કીધું, જુઓ! કંઈ છે કે નહિ? શું છે આ? કંઈ કર્મ, કંઈ પાપ, એના ફળ એવું કાંઈ છે કે નહિ? આમાં આત્મા છે, જુઓને! અંદર આત્મા છે. એ અત્યારે આ શરીરની સ્થિતિથી તરફડે છે. ગાયનું શરીર મોટું લઠ્ઠ જેવું, એમાં હડકવા થઈ ગયો. પછાડે, પગ પછાડે, પૂછડું પછાડે, પગ પછાડે, અંદર રહ્યું ન જાય. ૪૮ કલાક (પછી મરી ગઈ).

એમ ધર્મી જીવને બહારમાં ક્યાંય ચેન ન પડે. પોતાના આત્માના અતીન્દ્રિય આનંદની પ્રીતિ અને રુચિ થઈ ગઈ ત્યારથી રાગનો ત્યાગ છે, પણ રાગને રોગ જાણીને ત્યાગ કરવાના અભિલાષી છે, છોડવાના અભિલાષી છે. આહાહા..! અતીન્દ્રિય અમૃતનો સ્વાદ, અતીન્દ્રિય અમૃતનો ઉગ્ર સ્વાદ લેવાની અભિલાષા કેમ ન થાય? કહે છે કે, બધું છૂટી જાય છે.

**‘શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ તો અવિરત સમ્યક્ત્વના ચોથા ગુણસ્થાનમાં જ તે સંન્યાસી થઈ ગયા છે,...’** લ્યો! સમજાણું? **‘હવે છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં રહીને ચારિત્રની અપેક્ષાએ પણ સંન્યાસી થઈ ગયા છે,...’** લ્યો! બે પ્રકારના સંન્યાસી કહ્યા. સમજાણું કાંઈ? આહાહા..! મારા આત્મા સિવાય મને કોઈ પદાર્થ રુચતો નથી. શુભભાવ પણ સમકિતીને રુચતો નથી. આહાહા..! અને શુભભાવ રુચે તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, પોતાના અતીન્દ્રિય આનંદનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? ધર્મ એવી ચીજ છે, એનું ફળ પણ મહા અમૃતફળ છે. અમર, અમરફળ!

અમરફળ ‘પીંગળા’ને નહોતું? એ તો ખોટું અમરફળ હતું. આવે છે ને, ‘પીંગળા’ને? રાજાને કોઈકે આપ્યું, રાજાએ ‘પીંગળા’ને આપ્યું, ‘પીંગળા’એ અશ્વપાળને (આપ્યું), અશ્વપાળે કોઈ બાઈને (આપ્યું), ઈ બાઈ પાસેથી પાછું રાજા પાસે આવ્યું. (રાજાને થયું), અરે..! આ ફળ ક્યાંથી (આવ્યું)? અરે...! આ ફળ (તારી પાસે) ક્યાંથી (આવ્યું)? (બાઈ કહે છે), અન્નદાતા! એક અશ્વપાળ છે એ મારી પાસે આવે છે, તેણે મને આપ્યું. અશ્વપાળ પાસે ક્યાંથી આવ્યું? બોલાવો અશ્વપાળને! ક્યાંથી (આવ્યું) આ ફળ? (અશ્વપાળ કહે છે), મહારાજા! આ ‘પીંગળા’ રાણી પાસેથી આવ્યું છે. અરે..! ‘પીંગળા’! આ શું? ‘દેખા નહીં કુછ સાર જગતમેં દેખા નહિ કુછ સાર, પ્યારી મારી પીંગળા નારી, દેખ્યા નહીં કુછ સાર.’ છોડીને ચાલ્યો ગયો. આહાહા..! ૯૨ લાખ માળવાનો અધિપતિ ચાલી નીકળ્યો. આ સંસાર! ગુપ્ત રીતે મારું આ ફળ વેશ્યા પાસે કોઈ આવ્યું હશે તો થયું કે, અન્નદાતાને આપો. વેશ્યા અશ્વપાળની સાથે ચાલતી હશે, અશ્વપાળને ‘પીંગળા’એ

આપ્યું. એમ ચાલતા ચાલતા (ચાલ્યું). આહાહા..! એમ સમ્યગ્દૃષ્ટિને અંતરમાંથી આખી વાત ઊડી જાય. સમજાય છે?

સમ્યગ્દૃષ્ટિને અંતરમાં જ વૈરાગ્ય છે. જ્ઞાન, વૈરાગ્ય શક્તિ આવે છે ને? ભાઈ! 'નિર્જરા અધિકાર'માં નથી આવતું? જ્ઞાન, વૈરાગ્ય ચોથા ગુણસ્થાનથી છે. ઓલા કહે, નહિ. એ તો સાતમે હોય. સાંભળને, ભગવાન! અરે..! તને તારા માહાત્મ્યની ખબર નથી, પ્રભુ! આહાહા..! અતીન્દ્રિય અનાકુળ આનંદ, તે પણ પરિપૂર્ણ આનંદ, તે પણ અનંત.. અનંત.. આનંદ પર્યાયમાં પ્રગટ થાય તોપણ ખૂટે નહિ, એવો આનંદ! એવો સમુદ્ર બીજે ક્યાં છે? એવો ભગવાન આત્મા અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદના રસનો સમુદ્ર જ્યાં દૃષ્ટિમાં આવ્યો (ત્યાં) રાગનો ત્યાગ થઈ ગયો. રાગનો રોગ (છે). અરે...! મારું અમૃત લૂંટાય છે, મારો અમૃતનો સ્વાદ લૂંટાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ, અમૃતના આનંદના સ્વાદની અભિલાષામાં રાગની ભાવના છૂટી જાય છે એ અપેક્ષાએ ત્યાગી છે. શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની અવસ્થાની અપેક્ષાએ.

મુનિ '**નિર્ગ્રંથપદમાં રહીને દિવસરાત સ્વાનુભવનો અભ્યાસ કરે છે.**' એ અંતરમાં રાગનો પણ અભાવ થઈ ગયો. મુનિ થયા... મુનિ કોને કહીએ...! આહાહા..! જે અંદરમાં ઉગ્ર અતીન્દ્રિય આનંદ લેવા માટે ઝપટ મારે છે. આહાહા..! નાના બાળકને તરબૂચની મીઠાશ હોય ને? તરબૂચ... તરબૂચ. શું કહે છે? ખરબૂજા. આમ અધ મણ, અધ મણના લાલચોળ. છરી મારીને કાઢે છે ને! નાનું બાળક હોય એને કહે, લે આ, દે ભાઈને. ઈ દેવાનું ન સમજે, ઈ એને પાધરું બટકું ભરવા મંડે. સમજાય છે? અમારે આવે છે ને! નાના છોકરા વ્હોરવામાં આવે છે ને! એને કહે કે, પાપડ દે. તો ઈ પાપડ લઈને ખાવા મંડે. એની મા કહે કે, દે. તો ઈ પાધરો પાપડ (ખાવા મંડે). એમ ઓલા કહે, આ ભાઈને દે, તને પછી આપીશ, હોં! દે, મોટા ભાઈને દે. 'મોટા ભાઈને દે' ઈ ન સાંભળે. લાલચોળ દેખીને પાધરો ચૂસવા મંડે. આહાહા..!

એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું (બિંબ છે). લાલચોળ તરબૂચની મીઠાશ એ તો જડની મીઠાશ છે. આ તો ચૈતન્યની મીઠાશ છે. એકાગ્રતાની છરી (ચલાવી) જેટલી એકાગ્રતા કરે એટલો આનંદ ઝરે. સમજાણું કાંઈ? એવો પરમાત્મા મારી પાસે છે. હું જ આત્મા પરમાત્મા છું. આહાહા..!

'**નિર્ગ્રંથપદમાં રહીને દિવસરાત સ્વાનુભવનો અભ્યાસ કરે છે.**' લ્યો! નિર્ગ્રંથપદમાં આ અભ્યાસ છે. લેવું, દેવું, પુસ્તક બનાવવા, ફલાણું ફલાણું કરવું એ એનો અભ્યાસ જ નથી. સાંભળને! આટલાને સમજાવ્યા ને આટલા દેશમાં બતાવ્યું ને આટલા રાજાને સમજાવ્યા અને આટલા પુસ્તક બનાવ્યા. અરે...! ઈ તારું કર્તવ્ય છે? સાંભળ તો ખરો. 'પ્રભુદાસભાઈ'! અહીં તો ભગવાનઆત્મા, પોતાના નિજ સ્વરૂપની સંપદાની દૃષ્ટિનો અનુભવ થયો તો રાગ થવા છતાં તેનું સ્વામીપણું નથી, એટલો ત્યાગ (છે) અને સ્વરૂપમાં સ્થિરતા કરવા નિર્ગ્રંથપદમાં આવી જાય તો બાહ્યમાં દિગંબર (દશા અને) અંદરમાં ત્રણ કષાયના અભાવપૂર્વકનો આનંદ. સ્વાનુભવના આનંદની ઉગ્રતા વેદવા માટે જ મુનિ થાય છે. આહાહા..! દુનિયાને સમજાવવા માટે, બોધ દેવા માટે, ઉપદેશ દેવા માટે મુનિ નથી થતા. કહો, 'જ્ઞાનચંદજી'! શું કહે છે? જુઓ! સ્વાનુભવનો દિવસરાત અભ્યાસ કરવા માટે મુનિ થાય છે. આહાહા..!

પોતાનો ભગવાન આત્મા,... એવો અભ્યાસ પ્રભુ આત્મા.. આત્મા.. આત્મા.. અમૃતનો મહાસાગર, એમાં જેટલી એકાગ્રતા થાય તેટલા આનંદના ઝરણા (ઝરે), ડુંગરામાંથી જેમ પાણી ઝરે તેમ આનંદ ઝરે. એ વિશેષ આનંદ ઝરે તેના અનુભવ માટે મુનિપણું લે છે. ઓહોહો..! કંઈ બોલવા કે લેવા માટે કે વાંચવા માટે કે સાંભળવા માટે

(મુનિપણું લે છે) એ કારણ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**‘જો તદ્‌ભવ મોક્ષગામી હોય છે તો ક્ષાયિક શ્રેણીએ ચઢીને શીઘ્ર જ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની થઈ જાય છે.’** સમજાણું? (પછી) ‘સમયસાર’નો દાખલો આપ્યો છે. ‘**सन्यस्त**’ શબ્દ પડ્યો છે ને? **‘મોક્ષની ચાહ રાખનાર મહાત્માએ સર્વ ક્રિયાકાંડ અને મન, વચન, કાયાની ક્રિયાનું મમત્વ ત્યાગી દેવું યોગ્ય છે.’** મમત્વ ત્યાગી દેવું. મન-વચન-કાયાની જડની ક્રિયાનું મમત્વ છોડી દે. દયા, દાનના વિકલ્પની મમતા છોડી દે, એ મારા નહિ.

**‘જ્યાં આત્માના નિજ સ્વભાવ સિવાય સર્વનો ત્યાગ હોય ત્યાં પુણ્ય અને પાપના ત્યાગની શી વાત? એ બન્નેનો ત્યાગ છે જ.’** અહો! જ્યાં અંતરમાં દૃષ્ટિમાં પણ પુણ્ય-પાપનો ત્યાગ થઈ ગયો પછી ચારિત્રપદમાં પુણ્ય-પાપની અસ્થિરતાનો ત્યાગ થઈ ગયો. અંતરમાં જેટલી વીતરાગતા પ્રગટે તેટલો ધર્મ છે. નિર્ગ્રંથપદમાં વીતરાગતાની ઘણી વૃદ્ધિ થાય છે.

**‘એ બન્નેનો ત્યાગ છે જ.’** જુઓ! ધર્માત્મા મુનિ સંતને (અને) સમ્યગ્દૃષ્ટિને પણ સમ્યગ્દર્શનમાં પણ પુણ્ય-પાપ ભાવનો દૃષ્ટિ અને જ્ઞાનની અપેક્ષાએ ત્યાગ છે, મુનિને અસ્થિરતાની અપેક્ષાએ ત્યાગ (છે). અસ્થિરતાનો પણ ત્યાગ થઈ ગયો અને આત્મામાં લીનતા થઈ ગઈ, તેનું નામ સંન્યાસ છે.

**‘સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આદિ સ્વભાવમાં રહેવું તે જ મોક્ષનો માર્ગ છે.’** લ્યો! પોતાના શુદ્ધ સ્વભાવમાં રહેવું તે મોક્ષમાર્ગ છે. **‘જે આ માર્ગમાં રહે છે તેની પાસે કર્મ રહિત ભાવથી પ્રાપ્ત અને આત્મિક રસથી પૂર્ણ એવું કેવળજ્ઞાન સ્વયં દોડતું આવે છે.’** લ્યો! ‘**ज्ञानं स्वयं धावति**’ ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવાનો ઉગ્ર પ્રયત્ન કરે છે તો અલ્પકાળમાં કેવળજ્ઞાન દોડતું આવે છે. કેવળજ્ઞાનને બોલાવે છે કે, લાવો કેવળજ્ઞાન, લાવો! અનુભવની ઉગ્રતા કેવળજ્ઞાનને બોલાવે છે. કેવળજ્ઞાન અલ્પકાળમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણે બોલ આવી ગયા. સમ્યગ્દર્શન પછી મુનિપણું પછી કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૦૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩૧-૩-૧૯૮૩, પ્રવચન નં. ૮૩ (વિષય : માર્ગદર્શન)**

કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં. તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. ૨૦૫.

૨૦૫ નંબરનો બોલ છે. 'કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં. તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહિ.' એ ધારણા જ્ઞાનનો વિષય લીધો છે. જેમ કોઈ બુદ્ધિબળથી શાસ્ત્રના વિષયને સમજવાનો પ્રયાસ કરે, સમજાય પણ (ખરું) કે શાસ્ત્રકાર આમ કહેવા માગે છે. પણ એકલું શાસ્ત્રનું જ્ઞાન એટલે પરલક્ષી શાસ્ત્રનું જ્ઞાન. એકલું શાસ્ત્રજ્ઞાન લીધું ને? એકલું શાસ્ત્રનું જ્ઞાન એટલે પરલક્ષી જ્ઞાન, શુષ્કજ્ઞાન, ધારણા જ્ઞાન એને એકલું શાસ્ત્ર જ્ઞાન કહ્યું છે.

એમ નથી કે માત્ર બાહ્ય ક્રિયા કરે છે તે જ નિરર્થક છે. અહીંયાં તો જ્ઞાનની ક્રિયા દેખાય અને તે શાસ્ત્ર સંબંધિત જ્ઞાનની ક્રિયા દેખાય, તોપણ આત્મજ્ઞાન રહિત જ્ઞાન છે, એને એકલું શાસ્ત્રજ્ઞાન અથવા માત્ર કોરી ધારણાનું જ્ઞાન, યાદદાસ્તનું જ્ઞાન અથવા શુષ્કજ્ઞાન કહેવામાં આવે છે. એને એકલું જ્ઞાન કહ્યું. આત્મજ્ઞાન વિનાનું એકલું જ્ઞાન છે. કાં તો શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન આત્મજ્ઞાન સહિત હોય તો તે ભલું છે, રૂડું છે. અને કાં તો તે શાસ્ત્રજ્ઞાન આત્મજ્ઞાનની પ્રાપ્તિના પ્રયાસવાળું હોય, કાં તો આત્મજ્ઞાનસહિત હોય અને જેને આત્મજ્ઞાનસહિતપણું ન હોય તેને આત્મજ્ઞાન થાય એવા પ્રયાસવાળું (હોય) તો એ જ્ઞાન હજી કાંઈક સાર્થક છે એમ કહેવામાં આવે છે.

'શ્રીમદ્જી'એ લીધું છે ને? વૈરાગ્ય આદિ. આદિમાં શાસ્ત્રજ્ઞાન લઈ લેવું. 'વૈરાગ્યાદિ સફળ તો જો સહ આતમજ્ઞાન.' ત્યાગ, વૈરાગ્ય અને શાસ્ત્રજ્ઞાન બધું બહારની ક્રિયામાં જાય છે. એ ક્યારે એની સફળતા ગણવામાં આવે છે? અથવા એનું કાંઈક મૂલ્ય પણ ત્યારે આંકવામાં આવે છે કે જ્યારે આત્મજ્ઞાનસહિત હોય ત્યારે. 'વૈરાગ્ય આદિ સફળ તો જો સહ આતમજ્ઞાન' અથવા 'આત્મજ્ઞાનની પ્રાપ્તિ તણા નિદાન' નિદાન એટલે અહીંયાં પ્રયત્ન. આ નિયાણું બાંધે છે ને? ધ્યેય. જેને આત્મજ્ઞાનની પ્રાપ્તિનું ધ્યેયમાત્ર છે, એકલા એ જ ધ્યેયથી જે કાંઈ શાસ્ત્રજ્ઞાન વૈરાગ્ય આદિમાં એ જોડાય છે તો એ શાસ્ત્રજ્ઞાન છે એ એની સફળતા છે. નહિતર શાસ્ત્રજ્ઞાનની સફળતા નથી. અને તેનાથી સંસારનો નાશ નહિ થાય.

કદાચ તને ધારણા થઈ જશે. વિકાસ થશે તો અંગ પૂર્વની ધારણા, ક્ષયોપશમનો વિકાસ હશે તો અંગ પૂર્વની ધારણા થશે પણ તેથી કાંઈ તારો સંસાર નહિ બળે એમ કહેવું છે. જન્મ-મરણ ટાળવું છે, એ જે મુખ્ય કાર્ય છે એ કાર્ય ન થયું તો કાંઈ ન થયું. હવે આગળ એ જ લેશે. તો કાંઈ જ નથી કર્યું. '**જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી...**' ગમે તે કર્યું હોય છતાં એણે કાંઈ કર્યું નથી. આ જ્ઞાનીનો ગજ છે. જ્ઞાની આ ફૂટપટ્ટીથી માપે છે. બીજી રીતે જ્ઞાનીનો ગજ નથી.

અહીં તો એમ કહે છે કે અંદરમાં જન્મ-મરણ તૂટે એવી વાત છે. એ પ્રકારમાં આવ્યો છો તો બરાબર છે. અને નહિતર એનો કાંઈ અર્થ છે નહિ. કોઈપણ બહારના

પ્રકારને ગણતરીમાં જ લેખતા નથી. આ એક મુખ્ય વાત છે. મોક્ષમાર્ગને વિષે આ એક ખાસ પાયાની વાત અહીંથી શરૂ કરવામાં આવે છે.

દૃષ્ટાંત લીધો આ તો કે કાગળ ઉપર દીવો ચિતર્યો હોય અને ખડ કે જે સહેલાઈથી બળી શકે એવો પદાર્થ છે. તરત જ અગ્નિ મૂકે એટલે ખડ બળે. ખડને અગ્નિ પકડતા વાર લાગે નહિ. લાકડાને વાર લાગે, બીજી ચીજને વાર લાગે. ખડ તો તરત જ ભડભડાટ સળગે. અને કાગળ ઉપર હજાર દીવા ચિતર્યા હોય તો, લાખ દીવા ચિતર્યા હોય, કરોડ દીવા ચિતર્યા હોય, ખડના એક તણખલાને બાળે નહિ.

એમ અહીંયાં એકલા શાસ્ત્રજ્ઞાન ઉપર પ્રહાર કર્યો છે કે ખરેખર એ સંસારને નહિ બાળે. એમ નથી કે માત્ર ક્રિયાકાંડમાં પડેલા છે એની ટીપ્પણી કે ટીકા છે. અહીં તો જે શાસ્ત્રજ્ઞાનની પદ્ધતિમાં અને શાસ્ત્રજ્ઞાનના વ્યવસાયમાં અને રોજિંદા શાસ્ત્ર સ્વાધ્યાયની ક્રિયા, એ પણ ક્રિયા જ છે ને? બાહ્ય ક્રિયા જ છે એમાં પડ્યા છે એને પણ આ ચેતવણી દેવામાં આવે છે કે એ શાસ્ત્રજ્ઞાન આત્મજ્ઞાન સહિત હોવું ઘટે છે અથવા આત્મજ્ઞાન થાય એ પ્રકારના પ્રયત્નસહિત હોવું ઘટે છે. બસ. આ સિવાય બીજી કોઈ વાતનો આમાં અવકાશ નથી. આ સિવાયની કોઈ વાતનો આમાં અવકાશ નથી. એ પ્રકાર લીધો છે.

મુમુક્ષુ :– શાસ્ત્રજ્ઞાન કરે છે પણ પ્રયોગમાં ઉતરતો નહિ હોય, એમ હોય?

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્રમાં જે કહેવા માગે છે, જેવો આત્મા બતાવવા માગે છે એવો આત્માનો અનુભવ કરવા માટેનો યથાયોગ્ય પ્રકારે પ્રયત્ન હોવો જોઈએ, એટલે એની જેટલી હદે તીવ્ર ભાવના હોવી જોઈએ, જેટલી હદે એ આત્માને જાણવાની જિજ્ઞાસા હોવી જોઈએ અને પૂર્ણ નિર્દોષ થવાના ધ્યેયથી એની પર્યાયે-પર્યાયે પ્રસંગે-પ્રસંગે જાગૃતિ હોય અને એવી તીવ્ર લગનીથી, પૂરો પાછળ પડી જાય. એક આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન થવા અર્થે જ પૂરો ઉદ્યમ હોય, પૂરો એની પાછળ લાગેલો રહે અને એ સિવાય બીજું બધું ગૌણ થઈ જાય. એક આત્મજ્ઞાન ન થાય, અનુભવ ન થાય ત્યાં સુધી ક્યાંય ચેન પડે નહિ. બધા રસ નિરસ થઈ જાય એવા પ્રકારસહિત એ જો (શાસ્ત્રજ્ઞાન કરે તો સફળ થાય). જેમાં આત્મા કહ્યો છે એવા જે શાસ્ત્ર, શાસ્ત્રજ્ઞાનમાં તો શું છે કે એમાં આત્મા બતાવ્યો છે. ખરેખર તો સત્શાસ્ત્રોમાં આત્મા બતાવવામાં આવ્યો છે કે આત્મા સ્વરૂપે કેવો છે. અનાદિથી આ જીવ જે પોતાના સ્વરૂપને વિષે અજાણ્યો રહ્યો એ વિષય ત્યાં પ્રદર્શિત કર્યો છે. એને જાણવા માટે આટલી તૈયારીસહિત જાણે ત્યારે એને એ શાસ્ત્રજ્ઞાનની પ્રવૃત્તિ યથાસ્થાનમાં કરે છે એમ સમજવું જોઈએ.

અને જેને આત્મજ્ઞાન થયું છે. તે પણ પોતાની સ્વરૂપની લીનતા વધારવા અર્થે જે શાસ્ત્રો કે જેમાં એ શુદ્ધાત્મ સ્વરૂપનો અત્યંત-અત્યંત મહિમા કર્યો છે, વારંવાર મહિમા કરીને એને કહી દેખાડ્યો છે, એ શાસ્ત્રનું એ અધ્યયન કરે તો એની ભાવના ઘૂંટાય. બાકી એમ ને એમ કોરી ધારણાથી અને એ ધારણા એને અભિમાનનું કારણ થાય, એ ધારણાને લઈને હું સમજ્યો છું એવા સ્વચ્છંદનું કારણ થાય એને એ પ્રાયે દુર્ગુણનું કારણ થાય. એ શાસ્ત્ર જ્ઞાનથી સંસાર તો બળતો નથી, ઊલટાનો વધે છે. બળવાનો તો પ્રશ્ન નથી, નુકસાન થાય. એવું જ છે. હથિયાર છે, સાધન છે, વાપરતા આવડે તો કામ થાય અને નહિતર પોતાને જ વાગે. એવી વાત છે. એ ચેતવણી આપી છે કે શુષ્કજ્ઞાનમાં રહેવા જેવું નથી.

ભલે અત્યારે આત્મજ્ઞાન ન હોય મુમુક્ષુની ભૂમિકામાં, તોપણ એનું હૃદય તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ભીંજાયેલું હોવું જોઈએ. લાખો, કરોડો, અબજો જીવો, અત્યારે અબજો મનુષ્યો છે (એમાં) કોઈ એક સમ્યગ્દૃષ્ટિ હોય કે જેની પાસે એ આત્મજ્ઞાન છે, એ માલ છે, ત્યાંથી એને સમજવું છે તો એને એની દુર્લભતાનો ખ્યાલ આવવો જોઈએ કે કેટલી દુર્લભતા છે આ વિષયમાં. બાકી શાસ્ત્ર વાંચીને શીખી લે, જેમ કોઈ નિશાળમાં જઈને ગોખી લે છે, શીખી લે છે, એમ અહીંયાં પણ વાંચીને, સાંભળીને,

ચર્ચા-વાર્તા આદિ કરીને શીખી લે, ધારી લે એથી કાંઈ એને એ કામની ચીજ નથી. ઊલટાનું નુકસાનનું કારણ થઈ જાય. એ ધ્યાનમાં રાખવા જેવો વિષય લીધો છે.

**તા. ૧૧-૪-૧૯૮૩, બોલ નં. ૨૧૪, પ્રવચન નં. ૮૮**
**વિષય :- માર્ગદર્શન**
**અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. ૨૧૪.**

(૪૨:૪૦ મિનિટથી)

૨૧૪. '**અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે,...**' એટલે કે એમાં '**ઘર થઈ જાય છે.**' શબ્દ ઘરગથ્થુ મૂક્યો, ઈડીયોમેટીક છે. ઘર થઈ જાય છે. રોગ જેમ ઘર થઈ જાય છે, એનું સ્થાન છોડતો નથી, એમ અભિપ્રાય છે એ અનુસાર એનું પરિણમન ત્યાં ઘર કરી જાય છે. કહે છે કે સ્વાધ્યાય આદિ રોજની આ પ્રક્રિયાનો વ્યવહાર શા માટે? કે અભિપ્રાયને બદલવા માટે. પહેલો અભિપ્રાય બદલાય છે અને પછી એની શ્રદ્ધા બદલાય છે. કેમકે અભિપ્રાય, સમજણ અને જ્ઞાનપૂર્વક બદલાય છે અને એનું ફળ શ્રદ્ધાગુણમાં આવે છે પછી. એટલે એમ કહે છે કે '**અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે,...**' અને એ અભિપ્રાય છે એ એનો પૂર્વગ્રહ છે.

માણસ નથી કહેતા ભાઈ, તમે આના માટે શું માનો છો? કે મારો આ અભિપ્રાય છે, આ મારો મત છે. અભિપ્રાય કહો, મત કહો, પૂર્વગ્રહ કહો. એણે એના માટે જે ગ્રહીને નક્કી કર્યું કે આ આમ જ. આ આમ જ. એ એનો અભિપ્રાય થઈ ગયો ને ? પછી એ એને એ રીતે જ જોવે. મહાન જ્ઞાની અને સંત હોય પણ અભિપ્રાયમાં એમ નક્કી કર્યું હોય કે આનામાં કાંઈ નહિ. એ સોના જેવી વાત મૂકે એને તરવાની (તો) એને રુચે નહિ, એનું ધ્યાન જાય નહિ, એનું લક્ષ જાય નહિ, એ સમજી શકે નહિ. અને અજ્ઞાની હોય, મિથ્યાત્વને દૃઢ કરતો હોય પણ એમાં મહાનતા કલ્પી હોય. કુળગુરુમાં તો એમ જ છે ને કે આ અમારા ગુરુ છે એટલે મહાન છે. તો એની કોઈપણ વાત સાધારણ હોય તો એને એમ થાય કે આહાહા...! શું કહે છે આ! શું કહે છે જુઓ તો ખરા!

મુમુક્ષુ :- બ્રહ્મવાક્ય માને.

પૂજ્ય ભાઈશ્રી :- બ્રહ્મવાક્ય માને. આ એનો અભિપ્રાય ઘર કરી ગયેલી ચીજ છે. એટલે તો જ્ઞાનીઓ મુમુક્ષુઓને પહેલા એ શિખામણ આપે છે કે તમામ પ્રકારનો પૂર્વગ્રહ છોડીને અથવા સાદી ભાષામાં એમ કહે છે કોરી પાટી કરીને એકવાર તું આ સાંભળ. જોકે કોરી પાટી થવી એટલી સહેલી નથી. પૂર્વે ગ્રહાયેલું મૂકવું એટલું સહેલું નથી. એ બહુ પુરુષાર્થે અને બહુ મથામણે અને બહુ મંથનથી છૂટે છે. પણ હળવો થઈ શકે છે જીવ. એ પૂર્વગ્રહમાં જો પૂર્વગ્રહની પક્કડમાં થોડી હળવાશ આવે એટલે કુતૂહલ અને જિજ્ઞાસાથી એને હળવાશ આવે કે જોઈએ તો ખરા શું કહે છે? એ કહે છે એ બરાબર છે? સાચું છે કે ખોટું છે એમ તો તપાસીએ, એમ કરીને પણ જો કાંઈક એની યોગ્યતા તપાસવામાં જાય, પણ પૂર્વગ્રહ છોડીને, ખોટું જ કહે છે એમ રાખીને નહિ, નિષ્પક્ષપણે જો એને તપાસવામાં જાય તો એને સત્ય-અસત્યનો વિવેક થાય. એવો મિથ્યાજ્ઞાનમાં પણ થોડો અવકાશ-જગ્યા રહેલી છે.

આમાં એક બોલ લીધો છે પાછળ. મુમુક્ષુજીવે

વિચારની ભૂમિકામાં... ૧૦૦૭ છે. ૧૦૦૮ બોલ છે ને એમાં છેલ્લેથી પહેલો. '**જિજ્ઞાસુ જીવે સત્યનો સ્વીકાર થવા અર્થે અંતર વિચારના સ્થાનમાં...**' ક્યાં લીધું? આ અભિપ્રાયનું સ્થાન છે. અંતર વિચારનું સ્થાન છે એ અભિપ્રાયનું સ્થાન છે. એ ખાલી કરી નાખવું એમ કહે છે. અભિપ્રાય જો સત્યનો બાંધવો હોય તો જિજ્ઞાસુ જીવે, એમાં બીજી વાત ન લીધી, જિજ્ઞાસાવાળો લઈ લીધો, એનું વિશેષણ જિજ્ઞાસું લીધું, '**સત્યનો સ્વીકાર થવા અર્થે અંતર વિચારના સ્થાનમાં સત્યને સમજવાનો અવકાશ અવશ્ય રાખવો જોઈએ.** ' શું આની પાછળ વાત છે? આ તો 'ગુરુદેવશ્રી' પ્રવચન કરતા ત્યારે આવા ટૂકડા નીકળી પડતા. આ વળી કોઈ ઝીલી લ્યે એ આવી ગયા.

તો કહે છે કે તને સત્ય મળી ગયું છે? એ નક્કી કર તું. પરમ સત્ય તને ઉપલબ્ધ છે? પ્રાપ્ત છે? મળી ગયું છે? ના ભાઈ, હજી તો મને કાંઈ પરમસત્ય મળ્યું નથી. એ વાત તો ચોખ્ખી એકરાર કરવા જેવી છે. તો હવે એક કામ કર તું, ભલે ન મળ્યું હોય, એક કામ કર ભાઈસાહેબ કે તારા અંતર વિચારના સ્થાનમાં અભિપ્રાયમાં આ જ સત્ય છે એ વાત હવે છોડી દે. જ્યાં સુધી તને સત્યની અનુભૂતિ ન થાય, અપરોક્ષ સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભૂતિ ન થાય ત્યાં સુધી અંતર વિચારના સ્થાનમાં સત્યની જગ્યા તું ચોક્કસ ખાલી રાખજે એમ કહેવું છે. નહિતર ક્યાંક એવો પકડાય જઈશ, એવો પકડાઈ જઈશ કે પત્તો લાગશે નહિ. અનંત જન્મ-મરણનો છેડો લાવવો હોય તો પરમસત્ય છે એને માટે અભિપ્રાયમાં એટલે કે અંતર વિચારના સ્થાનમાં એ સમજવા માટે એણે અવકાશ રાખવો જોઈએ. છે કે નહિ? કેવી વાતો આવી છે!

અનેક આગમમાંથી સાર સાર ખેંચીને નાખ્યું છે. એટલે આને 'પરમાગમસાર' નામ દેવાનું કારણ એ છે. અનેક પરમાગમો ઉપરના, જંગલમાં રહીને દેહાતીત દશામાં જે આચાર્યોએ અને સંતોએ, જેને આહાર, કપડા કોઈ પડી નથી, દિગંબર છે, મહિના-મહિનાના ઉપવાસ થાય, ખબર પડે નહિ કે ખાધું છે કે નથી ખાધું, કેટલા દિ'થી આહાર લીધો નથી એ ભૂલી જાય છે, આ તો જેની દશા છે, એવા સંતોએ મહાત્માઓએ જંગલમાં રહીને જે સત્યને અક્ષરદેહ આપ્યો જેણે, અક્ષરદેહ આપ્યો છે, સત્યના અક્ષરદેહ છે એના ઉપર 'ગુરુદેવશ્રી' જેવા સમર્થ મહાત્માએ જે પ્રવચનો કર્યા એમાંથી પણ ટોટલ મારી મારીને ક્યાંક વાતો સિદ્ધાંત જેવી કરીને રાખી હોય એ ખેંચી લીધી છે અહીંયાં. એવું લક્ષ રાખ્યું છે. આખા પ્રવચનનો કસ ક્યાં પડ્યો છે? એક પ્રવચનમાં એક ગાથાનો, એક પ્રવચનમાં આખા પ્રવચનનો કસ ક્યાં આવે છે? ત્યાંથી પકડવું જોઈએ. એ તો વિસ્તારથી ઘણી વાતો આવી છે. એ આ સિદ્ધાંત જેવી વાત છે બધી.

અભિપ્રાય એક જીવનું જીવન થઈ જાય છે. જોજે ભાઈ, એ અનુસાર તારું જીવન અભિપ્રાય અનુસાર ચાલશે. નાની-મોટી દરેક વાતમાં, જે જે વિષયમાં જે પ્રકારે અભિપ્રાય બાંધી લે છે, બસ, એના પરિણામની ચાલ છે એ એના ઉપર છે. અહીંયાં પણ એમ થયું કે ઘરે જવું હોય તો એક નક્કી કરી નાખ્યું કે ઘરે જવું છે. પછી વાતો કરતો, જોતો, આડેઅવળે જોતો ગમે તેમ ચાલે નહિ, એ ઘરે જ પહોંચે છે. કારણ શું છે? છપ્પનસો વિચાર કરશે રસ્તામાં, હજાર માણસોનો અને વાહનોનો ટ્રાફીક આવશે રસ્તામાં અને વાતોમાં આમ લાગી ગયા હોય બે-ચાર જણા સાથે હોય તોપણ એ ઘર બાજુ જ ચાલે છે. એને અભિપ્રાય શું કામ કરે છે?

એક સામાન્ય વાતમાં પણ જેનો વિકલ્પ ઉઠાવ્યા વિના પ્રવૃત્તિ આટલી ચાલે નિર્ણય અનુસાર, અભિપ્રાય અનુસાર એને પરમસત્યનો અભિપ્રાય થઈ જાય, પરમ સત્ય એના અભિપ્રાયમાં બેસી જાય એની પરિણતિ અસત્યને છોડીને, અસત્ય એવા જન્મ-મરણને પણ છોડીને સિદ્ધાલય સુધી પહોંચાડે છે એને. એ પરમસત્યનું સ્થાન છે ત્યાં. પણ મૂળ એનું અહીંયાં છે. એને એ સત્ય અભિપ્રાયને શાસ્ત્ર પરિભાષાને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે જેને એનો અભિપ્રાય

ગેરેન્ટેડ સત્ય છે. બીજાની ભૂલ થાય, શાસ્ત્ર વાંચ્યું છે એ તો આમ જ કહે ને. એમ ન ચાલે. એનો અભિપ્રાય થઈ જવો જોઈએ. નહિતર જ્યાં સુધી એ દશા પ્રગટતી નથી ત્યાં સુધી ગડબડ રહે છે કોઈપણ જીવને. એ જીવનું જીવન થઈ જાય છે, અભિપ્રાય અંદરમાં ઘર કરી જાય છે અને જે અભિપ્રાય નક્કી કર્યો હોય એ બદલવાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે એને આખું જીવન બદલવું પડે એવું એને લાગે છે.

આ માણસ વેપાર નથી ફેરવી શકતો. લોખંડનો વેપાર કરતો હોય એને એમ કહે કે તું હીરાનું કર. એટલે એમ કહે કે આપણું કામ નહિ, આપણને ન ફાવે. એ શું છે કે જેનાથી એ ટેવાઈ ગયો છે એને નવું કાંઈક આખું બદલવું પડે એમ લાગે, નવું આવતા આખું બદલવું પડે એમ લાગે એ તો એક ભવમાં બે ભવ કરવા જેવું લાગે છે. આપણને ફાવે એવું નથી. આ તો અનાદિથી એને અસત્યનો અભિપ્રાય ઘર કરી ગયો છે અને એને કાઢવો છે એને, એ ફેરવતા એને જીવન બદલવાનો વારો છે.

પણ જેણે એમ નિશ્ચય કર્યો છે, જે કૃતનિશ્ચયી છે કે મારે મારું જીવન બદલવું છે. જે જીવન જે રીતે ચાલી રહ્યું છે તે રીતે જીવવું નથી પણ કોઈ એવી રીતે જીવવું છે કે જેના ફળમાં જન્મ-મરણ મટે અને જેના ફળમાં આત્માની અનંત શાંતિ સદાય રહે, શાશ્વત રહે એવું જીવન જીવવું છે. એના માટે જેણે નિર્ણય કરી નાખ્યો છે, દૃઢ સંકલ્પ કરી નાખ્યો છે, દૃઢ નિશ્ચય કરી નાખ્યો છે એને એ અભિપ્રાય બદલવો પણ એટલો અઘરો નથી. એ સહેલાઈથી અભિપ્રાયને બદલી શકે છે.

એક ન્યાયે અભિપ્રાય બદલવો અઘરો છે તોપણ એક ન્યાયે તો એક ન્યાયે તો અભિપ્રાય બદલવો સહેલો પણ છે. બેય વાત છે. ઠીક! જ્યારે એમાંથી ખસવા માગતો નથી, જે અભિપ્રાય એણે નક્કી કર્યો એ અભિપ્રાય બદલવાનો અભિપ્રાય નથી, અભિપ્રાયને બદલવાનો અભિપ્રાય નથી, ત્યાં એ એમ બહાનું પકડશે કે આ બદલી નહિ શકું, આ ન થઈ શકે, આ ભવમાં તો આમ કાંઈ ફેરફાર થઈ શકે એવું નથી. એને પોતાની અશક્તિ મુખ્ય થઈ જાય છે. મારી શક્તિ બહારની વાત છે.

જેણે નિશ્ચય કર્યો કે નહિ, આ ભવમાં જન્મ-મરણનો અભાવ કરવાનું કારણ મને મળી જ જવું જોઈએ. નહિતર ચાર ગતિમાં ક્યાંય પણ જીવને જન્મ-મરણનું કારણ ટાળવાનો એટલો અવકાશ નથી, એટલી સુવિધા નથી, એટલી શક્યતા નથી, એટલી સંભવીતતા નથી જેટલી અહીંયાં છે. તો આ મળેલી તક છે. જેમ વેપારમાં મળેલી તકને વિચક્ષણ વેપારી જવા દેતો નથી. ભૂલે? લાગ આવે એને એ કાંઈ ભૂલે? ભૂલે નહિ, તક ન ભૂલે. ત્યાં તો એ પૂરેપૂરો ટીંગાંઈ જાય છે. રાત-દિ' ઉજાગરા, ખાવું-પીવું બધું છોડીને લાગી જાય છે.

એમ આ મનુષ્યપણું છે એ તક છે. જન્મ-મરણ ટાળવા હોય અને પરમસત્યને અંગીકાર કરવું હોય અને અભિપ્રાયમાં પલટો મારવો હોય, વિચારણા કરવા માટે બુદ્ધિની મધ્યસ્થતા, જ્ઞાનની મધ્યસ્થતા અને રાગ-દ્વેષના પ્રવાહની ઓછપ આ ગતિની અંદર હોવાથી અહીંયાં એ વધારે સુવિધાયુક્ત છે. એટલે જે નિર્ણય કરે કે મારે આ કાર્ય કરવું જ છે તો એ અભિપ્રાય બદલવો સહેલો છે અને નહિતર એ અભિપ્રાય બદલવો ઘણો અઘરો છે. એમ બંને ન્યાય લાગુ પડે છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૨૧)નું શુલ્ક શ્રી પિયુષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૮-B



પ્રશ્ન :- આવી વાત આવતી હતી? સંપ્રદાયમાં આ બધી આવતી હતી?

ઉત્તર :- આ વાત તો આવતી હતી, આ જ આવતી હતી, બીજી નહોતી આવતી. પણ શાસ્ત્ર બીજા હોય હાથમાં, શાસ્ત્રો બીજા હોય. વાત આ બધી (આવતી). 'શ્રીમદ્ રાજચંદ્ર'ની બધી આવતો આવતી. કોઈ અપૂર્વ વ્યાખ્યાન હતા.

પ્રશ્ન :- ભેદજ્ઞાનની?

ઉત્તર :- ભેદજ્ઞાનની વાતો આવતી, બધી આવતી.

પ્રશ્ન :- શાસ્ત્રો હાથમાં આવ્યા વગર ભેદજ્ઞાનની વાતો કરી એટલે નવાઈની વાત છે.

ઉત્તર :- 'ગુરુદેવ'ના હાથમાં 'સમયસાર' તો આવ્યું હતું પણ પ્રગટમાં વાંચતા નહોતા, સભા વચ્ચે નહોતા વાંચતા. બાકી પોતે વાંચતા હતા બધું. 'સમયસાર' એ બધા શાસ્ત્રો વાંચતા હતા. 'મોક્ષમાર્ગ પ્રકાશક' એ બધું પોતે અંદરમાં વાંચતા હતા. બહારમાં બીજા શાસ્ત્રોના અર્થો કરતા. એ તો એ આત્મા જુદો હતો ને. તમારે ઘરે રહ્યા તો કેટલા વર્ષો થઈ ગયા.

પ્રશ્ન :- ઘણા વર્ષ થઈ ગયા. આપણે ૮૯માં આમ સાથે જ ગયા હતા રાજકોટ. ૯૦ ને ૮૯ બેય વખત 'ગુરુદેવ'નું ચોમાસું 'રાજકોટ'માં હતું ને સદરમાં, ૮૯માં આપણે સાથે હતા.

ઉત્તર :- કોઈવાર ગયા હશું. બાકી પહેલાવહેલા તો એકલા હિંમતભાઈને લઈને કે દાસભાઈને લઈને એમ ગઈ હતી. એ પછી કો'ક વાર ગયા હોય. બાકી ત્યાં તો એ જ ધૂન ચાલતી હતી ને, રાત ને દિવસ એ જ ચાલતું હતું.

પ્રશ્ન :- અત્યારે એમ જ્ઞાયકનું રટણ કરવા જઈએ એ થોડીવાર રહે અને પાછું એ લક્ષ નથી રહેતું એનું શું?

ઉત્તર :- પોતાની લગની નથી. એટલી લગની અંદર લાગી નથી, એટલો પુરુષાર્થ નથી. તો અંદર લગની લાગવી જોઈએ તો થાય. લગની નથી પોતાને.

પ્રશ્ન :- એની કળા બતાવો.

ઉત્તર :- કળા શું? એ પોતાની તૈયારી (જોઈએ). કળા બતાવે તોપણ કરવાનું તો પોતાને જ છે ને. કોણ કરી દેવાનું છે? 'ગુરુદેવે' ઘણી કળા બતાવી અને ઘણું કહેવાય છે. તોપણ કરવાનું તો પોતાને જ રહે છે ને. કોણ કરી દે? 'ગુરુદેવે' કેટલું કીધું હતું. બધું તૈયાર કરીને દીધું પણ પછી ગળે ઉતારવું તો પોતાને રહે છે ને. કોઈ કાંઈ ગળે ઉતારી દે છે? પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે.

પ્રશ્ન :- આપ જરા સ્પષ્ટ કરો તો વધારે ગળે ઉતરી જાય.

ઉત્તર :- જેટલું સ્પષ્ટ થાય એટલું થાય, એના પ્રમાણમાં થાય. એવી ગંભીર વાત એના પ્રમાણમાં જેટલી સ્પષ્ટતા થાય એટલી થાય. બાકી કરવાનું પોતાને રહે છે. એક જ ઉપાય છે. ભેદજ્ઞાન સિવાય કોઈ ઉપાય નથી. દ્રવ્યદૃષ્ટિ કરવી, ભેદવિજ્ઞાન (કરવું). હવે એ ટૂંકામાં પણ કરવાનું પોતાને. એમાં કેટલું અંદર આત્માનું અંદર અનંત શક્તિ રહસ્ય ભરેલું છે. કરવાનું પોતાને રહે છે. ભેદવિજ્ઞાન કરવું એ પોતાને રહે છે.

પ્રશ્ન :- વાત સાંભળીએ છીએ કે બધું કરીએ છીએ ત્યારે તો એમ થાય. આમ વાતે વાતે યાદ આવે છે પણ

પાછું લક્ષ પલટાઈ જાય છે.

ઉત્તર :- ઉપયોગ ફર્યા કરે. અંદર એટલી લગની લાગવી જોઈએ પોતાને.

પ્રશ્ન :- 'વાંકાનેર'ની ભૂમિમા આપ પધારો. આપની તબિયત સારી થાય. ઘણા વર્ષોથી અમારી વિનંતી છે.

ઉત્તર :- શરીર ક્યાં કામ કરે છે. જેટલું અવાતું હતું એટલું આવી ગઈ, આવ્યા.

પ્રશ્ન :- ૪૪મી સમ્યક્ જયંતી વખતે 'વાંકાનેર' ઉજવાણી હતી ત્યારે આવ્યા હતા. એટલા વર્ષ થયા. ૪૪ અને આ ૫૬. બાર વર્ષ થયા. ઘણો આનંદ આવ્યો હતો.

ઉત્તર :- પોતાને કરવાનું છે. જ્ઞાયકની મહિમા આવે તો ધૂન લાગે. જ્ઞાયકની અંદર લગની લાગે તો ધૂન લાગે. મારે જ્ઞાયક જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવું અંતરમાંથી થાય તો ધૂન લાગે. જ્ઞાયકને પહેલા તો વિચારીને ગ્રહણ કરવો જોઈએ, એનો નિશ્ચય કરવો જોઈએ કે જ્ઞાયક આ જ છે, બીજો જ્ઞાયક નથી. આ વિકલ્પની જાળની વચ્ચે વિકલ્પો તે હું નથી, હું તો જ્ઞાયક જ છું એવો નિશ્ચય પહેલા થાય. એનો નિર્ણય થાય તો એની પાછળ જાય. તો એને પોતે એટલી લગની લાગે તો નિશ્ચય થાય. નિશ્ચય પોતે દૃઢ નિશ્ચય થાય કે હું જ્ઞાયક જ છું. એવો દૃઢ નિશ્ચય અંદરથી આવવો જોઈએ તો એ જ્ઞાયક તરફ વળે. પછી હું જ્ઞાયક છું. આ હું નથી. આ હું ચૈતન્ય દ્રવ્ય છું. એ બધો અંદરથી નિશ્ચય આવે અને જ્ઞાયકને ગ્રહણ કરે તો ભેદજ્ઞાન થાય. જ્ઞાયકને ગ્રહણ કરે અને આ હું નથી. તો એને ...

અંતરમાંથી એને ભાવ આવે છે કે જે ગુરુએ બતાવ્યું એ પ્રમાણે અંતરમાં સ્વઘરમાં કેમ જવાય, પોતે પરિણતિ પલટાવે તો જવાય. ન પલટાવે તો ક્યાંથી જવાય. દિશા ફેરવવી જોઈએ. દિશા ફેરવે તો જાય. દિશા બધી બહાર છે. રુચિ તો અંતરમાં ... અંદર રુચિ પલટાવી જોઈએ તો ... રુચિ બહારમાં છે. ઉપાદાન તૈયાર થાય તો નિમિત્ત બને છે. પણ પોતાની ઉપાદાનની તૈયારી પોતે કરવી જોઈએ તો રહેવાય. જ્ઞાયકને ગ્રહણ કરે, એનો સ્વભાવ ઓળખે તો થાય.

પ્રશ્ન :- એની માટે વારંવાર ઘોલન કરાવે.

ઉત્તર :- વારંવાર એનું રટણ, એની લગની, એનો વિચાર, એનો નિર્ણય, વારંવાર અંતરમાં જવાનો પ્રયાસ વારંવાર કરવો જોઈએ. જેને બહારની લગની લાગે કાંઈક તો એ કામ કર્યે છૂટકો કરે છે. એમ અંતરમાં એવી લગની લાગવી જોઈએ તો થાય. વારંવાર એનું રટણ કરે તો થાય.

પ્રશ્ન :- એકધારું સળંગ ચાલતું ન હોય તો?

ઉત્તર :- સળંગ ન ચાલતું હોય તો એનો પ્રયત્ન કરે. એ તો અનાદિનો અભ્યાસ છે તો એમ પલટ્યા કરે પણ વારંવાર અભ્યાસ કરવો જોઈએ એનો. પલટી જાય તોપણ વારંવાર એને સ્વભાવ તરફ લાવે તો થાય.

પ્રશ્ન :- પરાણે પણ અંદર લાવવો.

ઉત્તર :- એને રુચિ હોય એટલે આવ્યા વગર રહે જ નહિ. પરાણે હઠ કરીને તો આવે નહિ. પણ રુચિ હોય તો આવે. પોતાને ખટક હોય તો આવે. વારંવાર એનો ને એનો અભ્યાસ કર્યા કરે તો થાય. ખટક લાગવી જોઈએ અંદરમાં. એ અનાદિનું ઘર છે આત્માનું ઘર છે એ. દેવ-ગુરુ-શાસ્ત્રનું સાનિધ્ય, એ જે સ્થાન એ મારું ઘર જાણે કે કેટલા વર્ષોનું જૂનું એમ લાગે. એમ આ આત્મા પણ કેટલા વર્ષનો જૂનો છે એ પણ મારું ઘર છે એમ અંદરથી લાગવું જોઈએ. બહારમાં લાગે એ સારી વાત છે પણ અંદર પણ લાગવું જોઈએ. અનાદિ કાળનું એ પોતાનું ઘર છે. અભ્યાસ બહારનો થઈ ગયો છે એટલે બહારનું જાણે, બહારમાં રોકાઈ જાય. અંતરનું એને કાંઈક અઘરું પડી જાય છે અભ્યાસ નથી એટલે.

પ્રશ્ન :- એને માટે સત્સંગ વારંવાર કરવો જોઈએ.

ઉત્તર :- સત્સંગ કરે વારંવાર. અંદરમાં અભ્યાસ કરે. સત્સંગ તો નિમિત્ત છે, એનું મોટું નિમિત્ત છે. પણ હવે એવો જેને યોગ ન હોય તે અંતરમાંથી પુરુષાર્થ કર્યા કરે. વારંવાર શાસ્ત્રમાં આવે છે, સત્સંગ કર.. સતસંગ કર. એટલો પોતાને પુરુષાર્થ ઉપડતો ન હોય બીજા સંયોગમાં તો સત્સંગ કર. એમાં સહેજે પુરુષાર્થ અંતરમાં જવાનું કારણ બને છે, સ્વલક્ષ થવામાં. ગુરુનું નિમિત્ત મોટું છે એમાં. સત્સંગ પણ એમાં બળવાન કારણ થાય છે. બહારમાં એ કારણ થાય. અંતરમાં પોતાનો તત્ત્વ નિર્ણય કારણ થાય છે. પોતાની રુચિ, તત્ત્વ નિર્ણય કારણ થાય છે.

પ્રશ્ન :- આખો રુચિનો ...

ઉત્તર :- રુચિ ફેરવવી.

પ્રશ્ન :- બહારમાં રુચિ છે એને અંદરમાં લાવવી.

ઉત્તર :- હા અંદરમાં રુચિ લાવ. તત્ત્વનો નિર્ણય કર.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૮–C

એણે પ્રયત્ન કરવો જોઈએ. ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. હું છૂટો તે છૂટો જ છું. એકત્વ થયો જ નથી પણ એકત્વ જે થઈ રહ્યું છે એને છૂટો પાડવાનો પ્રયત્ન કરે.

પ્રશ્ન :- નિરંતર રહેવું જોઈએ?

ઉત્તર :- નિરંતર એણે પ્રયાસ કરવો જોઈએ. નિરંતર રહેવું જોઈએ પણ રહેતો નથી તો પ્રયાસ કરવો જોઈએ.

પ્રશ્ન :- કૃત્રિમ ન ગણાય પ્રયાસ કરીએ એ?

ઉત્તર :- કૃત્રિમ પણ હજી સ્વભાવ સહજ છે. સહજ ધારા થાય એને સહજ થાય. હજી સહજ એને કાંઈ થયું નથી. સહજ નથી એટલે એને પુરુષાર્થ કરવાનો જ રહે છે. કૃત્રિમ તો એ કૃત્રિમ પુરુષાર્થ કરવાનો રહે છે ને. એકત્વ થઈ રહ્યું છે એને પ્રયત્ન કરીને છૂટો પાડવાનો રહે છે. પુરુષાર્થ એ પ્રયાસ કરવો પડે છે. એને અભ્યાસ કરવો પડે. પુરુષાર્થ કર્યા વગર એ કાંઈ થવાનું નથી.

પ્રશ્ન :- એ તરફનો પુરુષાર્થ તો બરાબર યથાર્થ છે ને?

ઉત્તર :- પુરુષાર્થ યથાર્થ એ પોતે સમજી શકે કે કઈ જાતનો પુરુષાર્થ છે. જ્ઞાયક સ્વભાવને ઓળખીને આ જ્ઞાયક તે જ હું છું, એ જ્ઞાયક ગ્રહણ થયો છે કે નથી થયો એ પોતાને ખ્યાલ આવે. એને પછી છૂટો પાડવાનો પ્રયત્ન કરે. આ જ્ઞાયક તે હું. પણ ક્ષણે ક્ષણે જે વિકલ્પ થાય છે, વિકલ્પની ધારા ચાલે છે એવી ધારા પોતાને જ્ઞાતાની ધારા રહેતી નથી. એ જ્ઞાતાની ધારા કેમ રહે એનો ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... એને અભ્યાસ થવો જોઈએ. એ અભ્યાસ એને કરતા કરતા સહજ થાય. પહેલાથી તો કાંઈ સહજ હોતું નથી. અભ્યાસ કરતા કરતા સહજ થાય, અભ્યાસ કરે તો સહજ થાય. જેને થાય એને ક્ષણમાં થાય અને ન થાય એ અભ્યાસ કરે. ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... અભ્યાસ જ હોવો જોઈએ. એકવાર પુરુષાર્થ કરી લીધો, વિચાર કરી લીધો પછી મૂકી દીધું એમ કાંઈ થાય નહિ. ક્ષણે-ક્ષણે એ

ધારા એની ચાલવી જોઈએ.

પ્રશ્ન :- માતાજી! કાલે 'ગુરુદેવ'ની ભક્તિમાં આવ્યું ને, ચાબુક મારીને વ્યવહારમાંહી વાળતો. અમે તો 'ગુરુદેવ' પાસે ચાબુક કે લાકડી તો જોઈ નથી તો કેવી રીતે ચાબુક મારી?

ઉત્તર :- એ કાંઈ બહારથી ચાબુક કે લાકડી હોતી હશે? એ તો એમનો કહેવાનો આશય એકદમ દૃઢતાથી અને જોરથી કહેતા હતા એ એમનું ચાબુક હતું. આ ક્યાં ચડી ગયો? કે આ ક્યાં આવું કીધું છે? કોઈ કહે, પર્યાય અહીંથી પર્યાય અલોકમાં વઈ ગઈ એમ કોઈએ કીધું. કોણે કીધું? 'ગુરુદેવ' એકદમ જોરથી કહેતા હતા, એવું કોણે કીધું છે પર્યાય અલોપમાં વઈ ગઈ એવું. એમ જોરથી કહેતા હતા.

પ્રશ્ન :- હોથા નીકળી જશે ભાઈ તારા. હોથા નીકળી જશે ચોર્યાશીના. ત્યાં નથી માસીબાના રાજ.

ઉત્તર :- આ ચોર્યાશીમાં પરિભ્રમણ કરીને તારા હોથા નીકળશે એમ કહેતા હતા. ક્યાં જઈશ?

પ્રશ્ન :- કહેતા કે અક્ષરે અક્ષર અર્થ નહિ કરવાનો, એનો ભાવ પકડવાનો.

ઉત્તર :- ભાવ પકડવાનો. ચાબુક એટલે કાંઈ બહારથી ચાબુક હતું? 'ગુરુદેવ' કાંઈ કોઈને મારતા હતા? એ તો ઉપદેશ દેતા હતા. એવો જોરથી હિતોપદેશ દેતા હતા. હિતથી કહેતા હતા, અરે..! તું ક્યાં ચાલ્યો ગયો? આમ આવ. જેમ પિતા બાળકને હિતનો ઉપદેશ આપે કે આ નથી કરવા જેવું. જોરથી કહે, એને વઢે. જેમ પિતા કહે એવી રીતે 'ગુરુદેવ' કહેતા હતા.

પ્રશ્ન :- 'ગુરુદેવ'નું તમે પૂછો એટલે બહેનશ્રી રંગમાં આવી જાય.

ઉત્તર :- જોરથી કહેતા હતા કે આ ક્યાં તું ચાલ્યો ગયો? આવી શુષ્કતા કરવાનું ક્યાં કીધું છે? શાસ્ત્રોમાં પણ આવે છે કે ત્રીજી ભૂમિકા જે પ્રતિક્રમણની તીસરી અમૃત ભૂમિકા કીધી, એને પ્રતિક્રમણને વિષકુંભ કીધું એટલે એ કાંઈ તને તીસરી ભૂમિકા કીધી એટલે તને ઊંચે ચડવાનું કીધું છે, નીચે પડવાનું નથી કીધું કે તું શુભભાવમાંથી અશુભભાવમાં જા. એમ ક્યાં કીધું છે? તને અશુભથી શુભમાં (આવવાનું કહીએ) પણ શુભ પણ તારું સ્વરૂપ નથી. અમૃત ભૂમિકા પ્રતિક્રમણની તારી અંતરમાં છે. ઊંચે ચડવાનું કીધું છે. એને છોડીને અશુભમાં જવાનું નથી કીધું. પ્રમાદ કરવાનું કીધું નથી. એમ શાસ્ત્રમાં આવે છે. 'ગુરુદેવ' તો બહુ જ કહેતા હતા. 'ગુરુદેવ' બહારમાં રોકાયેલાને કહેતા હતા અને કાંઈ નથી આત્મામાં એમ કરીને બેસી જાય એને પણ કહેતા હતા. બેયને કહેતા હતા.

પ્રશ્ન :- હમણા માતાજી આપે બે પ્રકારના વ્યવહારની વાત કરી. એક તો નિશ્ચયની સાથે અનુકૂળ વ્યવહાર કે જે આવ્યા વિના રહેતો નથી. અને એક એવો વ્યવહાર છે કે જેને ખોટી રીતે મહત્ત્વ આપીને જીવો એમાં અટવાઈને પોતાનો પરમાર્થ માર્ગ ભૂલી જાય છે. એ વ્યવહારનો થોડો વિશેષ ખુલાસો કરશો. જેમકે એક તો કાલે પંડિતજીએ કહ્યું હતું કે જમણા પગે કે ડાબા પગની વાત કરી હતી. આમાં માતાજી ખુલાસો એટલા માટે માગું છું કે ઘણાને આ બાબતમાં .. વસ્તુ સામાન્ય છે પણ એને શાસ્ત્રના આધાર આપીને, એને મહત્ત્વ આપીને મોટું રૂપ આપે છે. જેમકે એક ખમાસણું લેવું, કોઈ ત્રણ ખમાસણા લેતું હોય. ફોટાના દર્શન કરવા, ફોટાના દર્શન ન કરવા આ જે બધો પ્રકાર વ્યવહાર કીધો એ એમાં ઘટાવી શકાય ખરો?

ઉત્તર :- એનો સિદ્ધાંત સ્થાપી ન શકાય. વ્યવહારની વાતો એવી છે ને બધી. હવે એને નિશ્ચયની સાથે કેવો વ્યવહાર હોય અણુવ્રત, મહાવ્રત, દેવ-ગુરુ-શસ્ત્ર સાચા, પછી જે એની અમુક પ્રકારની એની અષ્ટ પ્રકારની પૂજા જે શાસ્ત્રની વિધિ હોય. પ્રતિમાજી કેવી જાતના હોય એની વિધિ એ બધું હોય. પછી એના વંદન વ્યવહાર એની અમુક

મર્યાદા આવે છે. એની મર્યાદામાં પછી કોઈના ભક્તિભાવથી.. એમાં પછી ગૃહીત મિથ્યાત્વ લગાવી દે, કાંઈક લગાવી દે. એ બધું ચાલે છે, એ બધું એવું ચાલ્યા કરે. કોઈ કહે, આને ગુરુ કહેવાય, આ ગુરુ ન કહેવાય, નિર્ગ્રંથ ગુરુ કહેવાય. એવું બધું કાંઈક ચાલે છે. અહીં તો આપણે ઉપકારી ગુરુ માનીએ છીએ. બધી માન્યતા માન્યતામાં ફેર પડે છે. એવી જાતનું ઘણું ચાલે એનો વિસ્તાર કરવો નકામો છે.

પ્રશ્ન :– આ તો કાલે સહજ વિષય ખુલ્યો હતો અને અત્યારે સમજવા જેવો પણ છે. લોકો એવું ખોટું મોટું રૂપ આપીને, આગ્રહ કરીને...

ઉત્તર :– અને ગૃહીત મિથ્યાત્વ કહે છે. એ કહે છે કે ત્યાં બધા ગૃહીત મિથ્યાત્વ છે આવું બધું કહે છે.

પ્રશ્ન :– ભક્તિ ન હોય એ શું કહે.

ઉત્તર :– આવું બધું ચાલે છે. અમુક શાસ્ત્રમાં આવે એવું તો અહીંયાં ચાલે છે. ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા થાય. કાંઈ બીજું વ્યવહાર તરીકે તો ચાલતું નથી.

---

(દ્રવ્યદૃષ્ટિ પ્રકાશના વચનામૃતો...)

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી ? તે રૂપ પરિણમી જવું! (સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ કાળમાં 'આત્મપ્રત્યક્ષતા'ના અવલંબનથી ઉત્પન્ન પુરુષાર્થનો આ પ્રગટ ચિતાર છે.) (૨૩૨)

***

'નિરાલંબી તત્ત્વ હું છું' તેની તો પૂરી મુખ્યતા હોવી જોઈએ. અને દીનતાનું (પરાલંબીપણાનું) પૂરેપૂરુ દુ:ખ માલૂમ પડવું જોઈએ. (૨૩૬)

***

સાંભળવાના કાળમાં પણ ''હું નિરાલંબી તત્ત્વ છું'' અહીંથી જ શરૂ કરવું જોઈએ. પછી સાંભળવા કરવાનો ભાવ આવશે, તોપણ મુખ્યતા નહિ રહે. (૨૪૧)

***

ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો, તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે. (૨૪૮)

***

(માત્ર) વિચાર કરવાથી વસ્તુનો પત્તો લાગતો નથી (આત્માનો અનુભવ થતો નથી). વસ્તુ તો પ્રત્યક્ષ મોજૂદ છે, બસ તેમાં જ પ્રસરીને બેસી જવું-બિરાજમાન થઈ જવું. (૨૫૪)

***

યોગ્ય જ છે. તથાપિ વ્યવહારચિંતાનું અકળામણ તો યોગ્ય નથી. સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું; માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઈ લઈશું. હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચીત કરીશું. અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.

ચિ. કેશવલાલ અને લાલચંદ અમારી પાસે આવે છે. ઈશ્વરેચ્છાથી ટગમગ ટગમગ જોઈએ છીએ. ઈશ્વર જ્યાં સુધી પ્રેરે નહીં ત્યાં સુધી અમારે કંઈ કરવું નહીં, અને તે વગર પ્રેર્યે કરાવવા ઈચ્છે છે. આમ હોવાથી ઘડી ઘડીમાં પરમાશ્ચર્યરૂપ દશા થયા કરે છે. કેશવલાલ અને લાલચંદે અમારી દશાના અંશની પ્રાપ્તિની ઇચ્છા કરવી, એ વાત વિષે પ્રેરણા રહે છે. તથાપિ એમ થવા દેવામાં ઈશ્વરેચ્છા વિલંબવાળી હશે. જેથી તેમને આજીવિકાની ઉપાધિમાં મુઝવ્યા છે. અને એને લઈને અમને પણ મનમાં રહ્યા કરે છે; પણ નિરુપાયતાનો ઉપાય હાલ તો નથી કરી શકાતો.

છોટમ જ્ઞાની પુરુષ હતા. પદની રચના બહુ શ્રેષ્ઠ છે.

સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ એ શબ્દને પ્રત્યક્ષ દર્શન ઘણું કરીને લખું છું. આપને જ્ઞાનની આગળ જતાં વૃદ્ધિ થશે.

લિ. આજ્ઞાંકિત રાયચંદ્ર

***

## પત્રાંક-૨૫૨

મુંબઈ, જેઠ સુદ, ૧૯૪૭

છોટમકૃત પદસંગ્રહ વગેરે પુસ્તકો વાંચવાનો હાલ પરિચય રાખજો. વગેરે શબ્દથી સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વર્ણવ્યું હોય તેવાં પુસ્તકો સમજશો.

સત્સંગાદિકની જેમાં માહાત્મ્યતા વર્ણવી છે તેવાં પુસ્તકો અથવા પદો, કાવ્યો હોય તે વારંવાર મનન કરવા અને સ્મૃતિમાં રાખવા યોગ્ય સમજશો.

જૈનસૂત્રો હાલ વાંચવાની ઇચ્છા થાય તો તે નિવૃત્ત કરવા યોગ્ય છે, કારણ કે તે (જૈનસૂત્રો) વાંચવા, સમજવામાં વધારે યોગ્યપણું હોવું જોઈએ, તે વિના યથાર્થ ફળની પ્રાપ્તિ હોતી નથી; તથાપિ બીજા પુસ્તકોની ગેરહાજરી હોય, તો 'ઉત્તરાધ્યયન' અથવા 'સૂયગડાંગ'નું બીજું અધ્યયન વાંચશો, વિચારશો.

***

## પત્રાંક-૨૫૩

મુંબઈ, અષાઢ સુદ ૧, સોમ, ૧૯૪૭

ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.

અકાળ અને અશુચિનો વિસ્તાર મોટો છે, તોપણ ટૂંકામાં લખ્યું છે.

(એકાંત) પ્રભાત, પ્રથમ પ્રહર, એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે. સ્વરૂપચિંતનભક્તિ સર્વ કાળે સેવ્ય છે.

વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્ય મલાદિકરહિત તન અને શુદ્ધ, સ્પષ્ટ વાણી એ શુચિ છે.

વિ. રાયચંદ

***




## પત્રાંક-૨૪૯

મુંબઈ, જેઠ સુદ ૭, શનિ, ૧૯૪૭

ૐ નમઃ

કરાળ કાળ હોવાથી જીવને જ્યાં વૃત્તિની સ્થિતિ કરવી જોઈએ, ત્યાં તે કરી શકતો નથી.

સદ્ધર્મનો ઘણું કરીને લોપ જ રહે છે. તે માટે આ કાળને કળિયુગ કહેવામાં આવ્યો છે.

સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં; કારણ કે અસત્‌માં સત્ હોતું નથી.

ઘણું કરીને સત્પુરુષનાં દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે, ત્યારે સદ્ધર્મરૂપ સમાધિ મુમુક્ષુ પુરુષને ક્યાંથી પ્રાપ્ત હોય? અને અમુક કાળ વ્યતીત થયાં છતાં જ્યારે તેવી સમાધિ પ્રાપ્ત નથી થતી ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે?

ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે. જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે; અને આર્યત્વને વિષે મતિ કરતો નથી.

માટે મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.

પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ. કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી.

પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.

***

## પત્રાંક-૨૫૦

મુંબઈ, જેઠ સુદ ૧૫, રવિ, ૧૯૪૭

**ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે એક તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં, સર્વદશામાં ભક્તિમય જ રહેવું.**

ગઈ કાલે એક પત્તું અને આજે એક પત્ર ચિ. કેશવલાલ તરફથી મળ્યું. વાંચીને કંઈક તૃષાતુરતા મટી. અને ફરી તેવા પત્ર પ્રત્યેની આતુરતા વર્ધમાન થઈ.

વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે